ક્રમાંકઃઅ/જમન/ટે.૧૪/૪૪૨-૪૩/૨૦૧૮-૧૯
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
ગીર(પૂર્વ) વન વિભાગ ધારી
તા.૨૪/૦૫/૨૦૧૯.

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
વન્યપ્રાણી વર્તુળ
જુનાગઢ.

વિષય : Proposal for diversion of Forest land for the project 2 New AG Connection -Patala Ls.64,63 Village Patal (0.2324 Ha.) Ta. Dhari Dist. Amreli in Guajrat State.

સાદર ઉપરોકતવિષય અન્વયે જણાવવાનુ કે,અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના મોજેઃ પાતળા ગામના સેકશન-૪ના વન વિસ્તારમાંથી ટ્રાન્સમીશન ઈલેકટ્રીક લાઈન પસાર કરવા માટે વિષય પરત્વેની નાયબ ઈજનેરશ્રી,પી.જી.વી.સી.એલ.ડીવીઝીન-૨ અમરેલી દવારા વન સંરક્ષણધારા-૧૯૮૦ હેઠળ ભારત સરકરાશ્રીની મંજુરી મેળવવા માટે યુઝર એજન્સીએ નિયમાનુસારની દરખાસ્ત નોડલ ઓફિસરશ્રી,ગુજરાત રાજય ગાંધીનગર(જમીન)ને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી સબમીશન કરેલ છે.તથા અત્રેના વિભાગને હાર્ડકોપીમાં-૬નકલમાં દરખાસ્ત રજુ કરેલ છે.તેમજ અત્રેના વિભાગ દવારા પણ દરખાસ્તની ઓનલાઈનની કામગીર પૂર્ણ કરેલ છે.

નાયબ ઈજનેરશ્રી,પી.જી.વી.સી.એલ.ડીવીઝીન-૨ અમરેલી દવારા અત્રેને રજુ કરેલ દરખાસ્ત પાતળા ગામના સર્વે નંબર ૬૩ અને ૬૪ માં નાખવામાં આવનાર ટ્રાન્સમીશન ઈલેકટ્રીકલ લાઈનમાં પાતળા ગામના સર્વે નંબર ૫૦ નો ૮૧૪.૩૪ હેકટર સેકશન-૪ વન વિસ્તાર આવેલો છે.આ વન વિસ્તારમાંથી પસાર થતી હોય આ માટેની ભારત સરકારશ્રીની મંજુરી મેળવવાના કામે નાયબ ઈજનેરશ્રી,પી.જી.વી.સી.એલ.ડીવીઝીન-૨ અમરેલીએ દરખાસ્ત કરેલ છે. સદરહુ દરખાસ્તમાં ૭ મીટરની પહોળાઈ અને ૩૩૨ મીટર જેટલી લંબાઈમાં યુઝર એન્જસી કામગીરી કરવા માંગે છે.પ્રસ્તુત દરખાસ્ત મુજબ યુઝર એજન્સીનો માંગણીવાળો વન વિસ્તાર ૦.૨૩૨૪ હેકટર જેટલો થાય છે.સદરહુ દરખાસ્ત અંગેની ઓનલાઈનની કામગીરી અત્રેથી પૂર્ણ કરેલ છે.આ કામગીરીમાં ડાયર્વટ થનાર વન વિસ્તારની સામે વળતર વનીકરણ બારીયા વન વિભાગ,બારીયાની લીમખેડા રેન્જમાં લેવાની થાય છે. વળતર વનીકરણની સ્કીમ દરખાસ્તમાં સામેલ છે.

પ્રસ્તુત દરખાસ્તની સંપુર્ણ કામગીરી પુર્ણ થઈ જતા સદરહુ દરખાસ્તાની હાર્ડ કોપીમાં -૫ નકલમાં આ સાથે સામેલ રાખી અભિપ્રાય સાદર કરવામાં આવે છે.જે અંગે ઘટીત કાર્યવાહિ થવા વિનંતી છે.જે વિદિત થાય.

સામેલ : ઉપર મુજબ

નાયબ વન સંરક્ષક
ગીર(પૂર્વ) વન વિભાગધારી

નકલ રવાનાઃ નાયબ ઈજનેરશ્રી,પી.જી.વી.સી.એલ. ડીવીઝીન-૨ અમરેલી તરફ જાણ સારૂ.

E:\MOKARIYA SURVEY\F.C.A. Proposal Cheklist\New AG Connection 0.2324 Mr. Harishchanrda\0.2324 Ha..docx